


**"ગ"માર્ગ પર બેકાબુ આઈસર ડીવાઈડર પર ચડીને થાંભલો તોડી નાંખ્યો**

ગાંધીનગર શહેરના ગ માર્ગ પર સેક્ટર-પ સીએનજી પંપ પાસે અચાનક આજે સવારે બેકાબુ બનેલી આઈસર ટ્રકના ચાલકે ડીવાઈડર પર ચડી જઈને વિજપોલ તોડી નાંખ્યો હતો. જો કે આ અકસ્માતમાં સદનસીબે કોઈને ખાસ ઈજા પહોંચી ન હતી. પરંતુ શહેરમાં દુધ વિતરણ માટે નીકળતા આઈસર ટ્રકને ભારે નુકશાન થયું હતું.

# કર્મચારી-પેન્શનરોને ડીએનું બાકી એરીયર્સ ઓગસ્ટ માસમાં અપાશે

## રાજ્ય સરકારને રૂ. ૪૬૪ કરોડનો વધારાનો ખર્ચ થશે : રાજ્ય સરકારના ૯ લાખ ૬૧ હજાર થી વધુ અધિકારી/કર્મચારી-પેન્શનરોને લાભ થશે : રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી

ગાંધીનગર,તા.૩૦

રાજ્ય સરકારના ૯ લાખ ૬૧ હજાર થી વધુ અધિકારી/કર્મચારી-પેન્શનરોને મોંઘવારી ભથ્થાના બાકી એરીયર્સનો લાભ આપવામાં આવશે. આ અંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા અધિકારીક જાહેરાત કરાવવામાં આવી હતી. રાજ્ય સરકારના અને પંચાયતના કર્મચારીઓ તેમજ પેન્શનરો મળી કુલ ૯,૬૧,૬૩૮ કર્મચારીઓને આ નિર્ણયના કારણે લાભ મળશે. રાજ્ય સરકારને રૂ. ૪૬૪ કરોડનો વધારાનો ખર્ચ થશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યુ કે, રાજ્ય સરકારના ૦૯ લાખ ૬૧ હજારથી વધુ અધિકારીઓ/કર્મચારીઓ અને પેન્શનરોને તા.૦૧.૦૭.૨૦૧૯ થી ૫% મોંઘવારી ભથ્થું આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો હતો.

આ મોંઘવારી ભથ્થુ જાન્યુઆરી-૨૦૨૦ થી દર માસે પગાર સાથે ચુકવવામાં આવી રહેલ છે. તા.૦૧.૦૭.૨૦૧૯ થી તા.૩૧.૧૨.૨૦૧૯ સુધી એમ કુલ-૬ માસના મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ રાજ્યના કર્મચારીઓ તથા પેન્શનરોને ચુકવવાનો નિર્ણય કર્યો હતો. તે પૈકી જૂલાઈ-૨૦૧૯થી સપ્ટેમ્બર-૨૦૧૯ના રકમની ચૂકવણી કરવામાં આવી હતી અને બૈકી રહેતા ઓક્ટોબર-૨૦૧૯ થી ડિસેમ્બર-૨૦૧૯ સુધીના ત્રણ મહિનાના મોંઘવારી ભથ્થાના એરીયર્સની ચુકવણી બાકી હતી. તે એરીયર્સની રકમ ઓગસ્ટ માસના પગારની સાથે ચુકવવાનો નિર્ણય કર્યો છે.

નીતિન પટેલે ઉમેર્યું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે પરામર્શ કર્યા બાદ અધિકારી/કર્મચારીઓ/પેન્શનરો રાજ્ય સરકાર દ્વારા આ બાકી મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સાતમાં પગારપંચનો લાભ મેળવતાં રાજ્ય સરકારના તથા પંચાયતના અધિકારીઓ / કર્મચારીઓ / પેન્શનરોને ઓક્ટોબર-૨૦૧૯ થી ડિસેમ્બર-૨૦૧૯ સુધી એમ ત્રણ મહિનાના મોંઘવારી ભથ્થાના આ એરીયર્સની રકમ ઓગસ્ટ માસના પગારની સાથે ચુકવાશે. આ ચૂકવણાના કારણે રાજ્ય સરકારને અંદાજે કુલ-૪૬૪ કરોડનું વધારાનું ભારણ થશે. રાજ્ય સરકારના કુલ-૫,૧૧,૧૨૯ જેટલા કર્મચારીઓ તથા ૪,૫૦,૫૦૯ જેટલા પેન્શનરોને આનો લાભ મળશે.

## સે. ૨૧માં દિગંબર જૈન મંદિર ખાતે પૂ. આર્પિકા રિદ્ધિશ્રી માતાજી ચાર્તુમાસ અર્થે બિરાજમાન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના સેક્ટર-૨૧માં શ્રી ૧૦૦૮ મહાવીર સ્વામી દિગંબર જૈન મંદિર ખાતે પૂ. ૧૦૫



અર્પિકા રિધ્ધિશ્રી માતાજી ચાર્તુમાસ અર્થે બિરમાજમાન થયાં છે. આ પ્રસંગે તેમણે આર્શિવચન પાઠવતાં જણાવ્યું હતું કે 'જે વ્યક્તિ અગ્નિ પરીક્ષામાં પાસ થાય છે તે સફળતાને પામે છે.'

પૂ. ૧૦૫ આર્પિકા રિદ્ધિશ્રી માતાજીએ જણાવ્યું હતું કે મંગળ કળશ માટીમાંથી તૈયાર થાય છે પરંતુ તે પહેલા તેની માટીને તૈયાર કરાય છે જેને અગ્નિમાં તપાવાય છે, ટીપાય છે તેજ રીતે મનુષ્ય પણ અગ્નિ પરીક્ષઆમાં પાસ થાય ત્યારે સફળતા પામે છે. કળશમાં સંઘર્ષને સમજવાનું લોજિક છે. આ દુનિયામાં ત્રણ પ્રકારના મનુષ્યો હોય છે, એક જેના જીવનમાં પરેશાની આવે પરંતુ હાર ના માને જેને સ્વસ્થ પ્રતિયોગિતામાં જીવવાની આદત પડી ગઈ હોય, વ્યક્તિએ મનથી અને આત્માથી મજબૂર હોવુ જોઈએ માટે મનથી મજબૂત બનો. બીજા મનુષ્યો એવા છે જે કામ ચાલુ તો કરે પરંતુ મુશ્કેલી આવતા જ કામ છોડી દે અને ત્રીજા પ્રકારના મનુષ્યો કાયર હોય છે જે હંમેશા બીજા પર જ આધારિત હોય છે. આ સાથે પૂ. માતાજીએ જીવનમાં સમ્યકદર્શન, જ્ઞાન અને ચરિત્ર ત્રણેના સંગમથી મોક્ષ માર્ગ પર આગળ વધવા ખીખ આપતા જણાવ્યુ હતુ કે જીવનમાં લક્ષ્ય સંપત્તિ નહી પરંતુ મોક્ષ માર્ગ હોવું જોઈએ.

## આજે સે. ૨૨માં જૈન દેરાસર ખાતે સુકૃત ઉત્સવ અંતર્ગત શહેરના દિવ્યાંગ બાળકોનું બહુમાન કરાશે

ગાંધીનગર તા.૩૦

ગાંધીનગરના સેકટર-૨૨ ખાતે જૈન દેરાસરમાં રાષ્ટ્રસંત આચાર્ય પૂ. પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.ના મુનિપ્રવર પૂ. પદ્મરત્નસાગરજી મ.સા.ના સંયમ જીવનની પુણ્યસ્મૃતિ દિવસ નિમિત્તે તા. ૩૧મી જુલાઈ શનિવારે અષાઢ વદ-૭ના દિવસે આરાધના અનુકંપા સુકૃત ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવમાં સવારે ૮.૪૫થી ૧૦.૩૦ કલાક દરમિયાન સમૂહ સામયિકના આયોજન સાથે શહેરની તમામ દિવ્યાંગ બાળકો માટેની સંસ્થાના દિવ્યાંગોનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવશે. આ દિવ્યાંગ બાળકોની સંસ્થાના બાળકોમાં અંધજન, વિકલાંગ, મૂક-બધિર વગેરે બાળકો ગુરૂભકિત પ્રસ્તુત કરશે. આ કાર્યક્રમના લાભાર્થી ગુરૂકૃપા પરિવાર છે અને કાર્યક્રમનું આયોજન શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા કરવામાં આવ્યું છે.



**સેકટર-૨૯ સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત પાસે કાદવ-કિચડ માર્ગથી નાગરીકો હેરાન**

ગાંધીનગર શહેરમાં તંત્ર દ્વારા વિવિધ સમસ્યાઓને દુર કરવા માટે ખોદકામ કરવામાં આવ્યું છે. ત્યારે યોગ્ય પુરાણના અભાવે સેકટરના સ્થાનિક નાગરીકોને ચોમાસાની સિઝનમાં ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે. સેકટર-૨૯ માં સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત પાસેથી જલારામ મંદિર તરફ જતા અને આસપાસના માર્ગ પર કાદવ-કિચડને પગલે વાહનચાલકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે.આ વિસ્તારમાં રહેતા નાગરીકોના આરોગ્ય સામે પણ ગંદકીને પગલે ખતરો મંડરાઈ રહ્યો છે.

## મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમના વડીલોને યુવા ટીમ દ્વારા ભોજન પીરસાયું

ગાંધીનગર તાલુકાના મગોડી ગામે રાહેલબા વૃધ્ધાશ્રમમાં આશ્રયસ્થાનમાં ૪૫થી વધુ વડીલો સુખીથી જીવન વ્યતિત કરી રહ્યા છે. ત્યારે હાલમાં અનેક સેવાભાવી સંસ્થાઓ અને નાગરિકો દ્વારા અનેક રીતે મદદરૂપ થઈને પુણ્યનું ભાથું કમાઈ રહ્યા છે. જનસેવા એ પ્રભુ સેવાના મંત્રને સાર્થક કરવા સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા વડીલોની સેવામાં અવિરત વ્હારે આવવા કટીબદ્ધ વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે તાજેતરમાં વિજય સુવાળા તથા તેમના ભાઈ યુવરાજ બંધુની ટીમે રાહેલબા વૃધ્ધાશ્રમમાં વડીલોને સ્વાદિષ્ટ ભોજન પીરસીને સેવાનો ઉત્તમ લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

## વડાપ્રધાનની બનાસડેરી ચેરમેને શુભેચ્છા મુલાકાત કરી, મધ અને શુદ્ધ ઘી આપ્યું

એશિયાની નંબર-૧ ગણાતી બનાસડેરીના ચેરમેનએ ગુરૂવારે વડા પ્રધાનની શુભેચ્છા મુલાકાત કરી હતી.અને ડેરી દ્વારા ચાલતા પ્રોજેક્ટોમાં તૈયાર થયેલ મધ અને શુધ્ધ ઘી આપ્યુ હતુ.

એશિયાની નંબર વન ગણાતી બનાસડેરી પાલનપુર શહેરમાં આવેલી છે.અને ડેરીમાં દૂધના વ્યવસાય સાથે ડેરી દ્વારા દૂધમાંથી છાસ,ઘી, આઈસ્ક્રીમ, માવો, સહીતની પ્રોડક્ટો બનાવી શહેરમાં વેચવામાં આવતી હોય છે.જે પ્રોડક્ટો માંગ પણ વધુ હોય છે.તેમજ દૂધ સાથે ડેરી દ્વારા મધ ઉછેરનો પણ પ્રોજેક્ટ કરવામાં આવી રહ્યો છે.અને લોકોને શુધ્ધ મધ મળે તેવા પ્રયાશો કરવામાં આવી રહ્યા છે.જેથી નવભારતના નિર્માણ માટે સતત પ્રયત્નશીલ રહેતા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે બનાસડેરીના ચેરમેનએ



શંકરભાઈ ચૌધરીએ ગુરૂવારે દિલ્હી ખાતે શુભેચ્છા મુલાકાત કરી હતી. અને માર્ગદર્શન મેળવ્યું હતું.સાથે બનાસડેરીની ઓળખ સમાન આરોગ્યવર્ધક મધ તેમજ દેશી ગાયનું શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ઘી વડાપ્રધાનને આપ્યું હતું.

બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્રમોદી રાષ્ટ્રને સમર્પિત એમનું જીવન દેશ માટે કામ કરવાની પ્રેરણા આપે છે.

# આજે રાજ્યનાં ૧૧૦૫ કેન્દ્ર પર સીનિયર કલાર્ક માટેની પરીક્ષા લેવાશે

## સીનિયર કલાર્કની જગ્યામાં ૧૦૬૬નો વધારો કરાયો, આ જગ્યાઓ માટે પ્રતિક્ષા યાદી નહીં સીધી પસંદગી યાદી બનશે

ગાંધીનગર,તા.૩૦

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૩૧ જુલાઈ એટલે કે આવતીકાલે રાજ્યના જુદા-જુદા ૧૧૦૫ કેન્દ્ર પર ૧૪૯૭ સીનિયર કલાર્કના હોદ્દા માટે પરીક્ષા લેવામાં આવશે. આ જિલ્લા કેન્દ્રોમાં અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, વડોદરા, સુરત, જામનગર, ભાવનગર, જુનાગઢ, મહેસાણા અને સાબરકાંઠાનો સમાવેશ થાય છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ પરીક્ષામાં એક જગ્યા માટે સરેરાશ ૧૮૭ ઉમેદવાર મેદાનમાં છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર સચિવાલયના વિભાગોના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓ તેમજ બોર્ડની કચેરીઓ ખાતેની સીનિયર કલાર્ક સંવર્ગ-૩ની અગાઉ ઓગસ્ટ ૨૦૧૯માં ૪૩૧ જગ્યા માટે જાહેરાત કરાઈ હતી. જો કે, હવે વિભાગોમાં ખાલી જગ્યાઓમાં ફેરફાર થતાં ૧૦૬૬ જગ્યાનો વધારો કરાયો છે, તેનો ફાયદો પણ ઉમેદવારોને મળવાનો છે. આ સાથે જ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા એક વાતની પણ સ્પષ્ટતા કરાઈ છે કે, માધ્યમિક-ઉચ્ચતર શિક્ષણ બોર્ડ અને પાણી પુરવઠા-ગટર વ્યવસ્થા બોર્ડની કચેરી માટે નિમણુક પામેલા ઉમેદવારો જે તે બોર્ડના કર્મચારી જ ગણાશે. ૧૮ વિભાગની જાહેરાત પૈકી બે બોપ્ડની જગ્યાએ પણ તેમાં સમાવેશ થાય છે. આ રીતે સંયુક્ત જાહેરાતમાં ફક્ત સંયુક્ત પસંદગી યાદી જ તૈયાર કરાશે અને પ્રતિક્ષા યાદી બનાવવામાં નહીં આવે. જણાવી દઈએ કે, કોરોનાને કારણે છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી સરકારી ભરતીઓ પર બ્રેક લાગી ગઈ હોય તેવી સ્થિતિ હતી. જો કે, હવે ભરતીઓ માટે પરીક્ષાઓ લેવાનું શરૂ કરાયં છે. આવતીકાલે રાજ્યમાં સીનિયર કલાર્કની ૧૪૯૭ જગ્યા માટે કુલ ૨.૮૦ લાખ ઉમેદવારો પરીક્ષા આપશે. રાજ્યના વિવિધ વિભાગમાં કૃષિ અને સહકાર, આરોગ્ય, શ્રમ અને રોજગાર, નાગરિક પુરવઠા, શિક્ષણ, આદિજાતિ, સામાજિક ન્યાય વગેરેમાં મોટી સંખ્યામાં સીનિયર કલાર્કની જગ્યાઓ ભરાશે.




ગુજરાત બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા કાયદા પ્રધાન કિરણ રીજજુજીનુ બહુમાન કરવામાં આવ્યુ હતુ. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સભ્ય દીલીપભાઈ પટેલ, ગુજરાત બાર કાઉન્સિલના ચેરમેન હિરાભાઈ પટેલ, પુર્વ ચેરમેન જે જે પટેલ, ગુજરાત બાર કાઉન્સિલના વાઈસ ચેરમેન શંકરસિંહ ગોહિલ તેમજ ગુજરાત હાઈકોર્ટ બાર એસોસિએશનના મંત્રી હાર્દીકભાઈ બ્રહ્મભટ્ટે કાયદા મંત્રીનુ બહુમાન કરાયુ હતુ. આ ઉપરાંત ગુજરાત બાર કાઉન્સિલે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન મનન મિશ્રા , તેમજ સતિષ દેશમુખ, વાઈસ ચેરમેન પ્રભાકરન, પ્રતાપ મહેતા, રમી રેડ્ડી, ડી કે શર્મા તેમજ વેદ પ્રકાશજીનુ બહુમાન કર્યુ હતુ.

## બનાસકાંઠાના તાલુકા મથક ડીસા ખાતે સાયન્સ કોલેજનો શુભારંભ

ડીસા નગરપાલિકા સંચાલિત સર ચાર્લ્સ વોટસન હાઈસ્કૂલમાં સેલ્ફ ફાયનાન્સ સાયન્સ કોલેજની માંગ કરવામાં આવી હતી. જેની સરકારે મંજૂરી આપતા શુક્રવારે ધારાસભ્યના હસ્તે રીબીન કાપી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસા શહેર સહિત સમગ્ર તાલુકામાં એક પણ સાયન્સ કોલેજ આવેલી નથી. જેના કારણે ડીસા સહિત આજુબાજુના વિદ્યાર્થીઓને સાયન્સ કોલેજમાં એડમિશન માટે બહાર જવું પડતું હતું તેમજ ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને કોલેજની મોંઘી ફી હોવાથી વિદ્યાર્થીઓ ભણી શકતા ન હતા જેને લઈને ડીસામાં સાયન્સ કોલેજ બનાવવામાં આવે તેવી લોકોની વર્ષોની રજૂઆત હતી. જેથી ડીસા નગરપાલિકા અને ધારાસભ્ય દ્વારા ડીસાને સાયન્સ કોલેજ મળી રહે તે માટે સરકારમાં અનેક વાર રજૂઆત કરવામાં આવી હતી. જેમાં નગરપાલિકા સંચાલીત સર ચાર્લ્સ વોટસન હાઈસ્કૂલમાં જ સાયન્સ કોલેજ બનાવવા માટેની કરવામાં આવેલી રજૂઆતને લઈ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય હરેશભાઈ ચૌધરી અન્ય સાયન્સ કોલેજની ટીમોને લઈ ડીસા નગરપાલિકા સંચાલિત સર ચાર્લ્સ વોટસન હાઈસ્કૂલમાં નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ નગરપાલિકા દ્વારા તેમજ ધારાસભ્ય શશીકાંત પંડ્યા ની રજુઆતને ધ્યાને લઈ સરકાર દ્વારા સેલ્ફ ફાયનાન્સ સાયન્સ કોલેજની નગરપાલિકા સંચાલિત સર ચાર્લ્સ વોટસન હાઈસ્કૂલમાં મંજૂરી આપવામાં આવી હતી. જેથી શુક્રવારે ધારાસભ્ય શશીકાંત પંડ્યા, નગરપાલિકા પ્રમુખ રાજુભાઈ ઠક્કર તેમજ નવનિયુકત શિક્ષણ સમિતિના ચેરમેન વાસુભાઈ મોઢના વરદ હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

## ડીસા નગરપાલિકા ખાતે વિવિધ સમિતિના ચેરમેનોને ચાર્જ સુપ્રત



ડીસા નગર પાલિકામાં તાજેતરમાં વિવિધ સમિતિઓના ચેરમેનની નિયુક્તિ કરાયા બાદ શુક્રવારના રોજ ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા તથા નગર પાલીકા પ્રમુખ રાજુભાઈ ઠક્કર તેમજ ડીસા શહેર ભાજપ પ્રમુખ પ્રતિકભાઈ પઢીયાર તથા શહેર ભાજપ ટીમની ઉપસ્થિતિમાં વિવિધ સમિતી જેવી કે બાંધકામ ,પાણી પૂરવઠા, કારોબારી, ટાઉન પ્લાનિંગ , સેનિટેશન સહિત વિવિધ સમિતિના ચેરમેનોને સવારે ૧૦.૩૦ કલાકે ચાર્જ સોંપવામાં આવ્યા હતા.

### ટ્રીમીંગ શરૂ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહી છે. શહેરમાં અગાઉ વનતંત્રએ અંદાજિત ૭૦ જેટલા જોખમી વૃક્ષો હોવાનુ સ્પષ્ટ કર્યુ હતુ જયારે ઉભા સુકા વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થતા આ સ્થિતિ નિવારવા માટે સમયાંતરે સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. જેને અનુલક્ષી હાલના દિવસોમાં વનતંત્ર દ્વારા શહેરના મુખ્યમાર્ગે તેમજ સેકટરોમાં આ પ્રકારના જોખમી વૃક્ષોને દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરી છે. આજે પણ ખ-૫ સર્કલ પાસેથી જોખમી વૃક્ષની કટોતી કરવામાં આવી હતી. સે-૧૫ એલ ડી આર પી પાસેથી પણ નમી પડેલા સુકા વૃક્ષની કટોતી કરવામાં આવી હતી. આ ઉપરાંત સે-૬ માંથી પણ ૨ જોખમી વૃક્ષો દુર કરાયા હતા. આ ઉપરાંત નાના ગ- ૩ થી મોટા ગ-૩ વચ્ચેના રૂટમાં પણ વૃક્ષોનુ ટ્રીમીંગ કરાયુ હતુ. આ માર્ગ પર વૃક્ષોની નમી પડેલી તોતિંગ ડાળીઓ પણ દુર કરવામાં આવી હતી.

શહેરમાં આગામી દિવસોમાં બાકી રહેતા જોખમી વૃક્ષો પણ તબક્કવાર દુર કરાશે જયારે સેકટરો તેમજ મુખ્યમાર્ગો આસપાસ નમી પડેલી વૃક્ષોની તોતિંગ ડાળીઓનુ પણ ટ્રીમીંગ કરી દુર કરાશે. સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ વૃક્ષો નમી પડયા હોવાની સાથે ડાળીઓ પણ અવરોધરૂપ બની હોવાની ફરિયાદ વધી છે. ત્યારે રહેણાંક વિસ્તારની આસપાસ સ્ટ્રીટ લાઈટના પોલ્સને આડશ બનતી ડાળીઓ પણ દુર કરવામાં આવે તેવી સ્થાનિકોએ માંગણી કરી છે.

### ૪ લાખને પાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક્ટિવ કેસ ફરી ૪ લાખનો આંકડો પાર કરીને ૪,૦૫,૧૫૫ પર પહોંચ્યો છે. દેશમાં ૧૬ જાન્યુઆરીએ શરુ કરાયેલા રસી અભિયાન પછી ગઈકાલ સુધીમાં કુલ વેકસીનેશનનો આંકડો ૪૫,૬૦,૩૩,૭૫૪ પર પહોંચ્યો છે. આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૨૯ જુલાઈ સુધીમાં કુલ ૪૬,૪૬,૫૦,૭૨૩ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે વધુ ૧૮,૧૬,૨૭૭ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

ગઈકાલે કર્ણાટકમાં (૨,૦૫૨)માં ૧૯ દિવસ બાદ રોજના સંક્રમિતો આંકડો બે હજારની પાર પહોંચ્યો. આ પહેલા અહીં ૧૦ જુલાઈના ૨,૧૬૨ નવા કેસ આવ્યા હતા. તમિલનાડુમાં પણ છેલ્લા એક અઠવાડિયામાં સૌથી વધારે ૧,૮૫૯ કેસ સામે આવ્યા. આ પહેલા ૨૨ જુલાઈના અહીં ૧,૮૭૨ કેસ સામે આવ્યા હતા. મહારાષ્ટ્રની વાત કરીએ તો છેલ્લા એક દિવસમાં કોરોના સંક્રમણના ૭,૨૪૨ નવા કેસ સામે આવ્યા અને ૧૯૦ દર્દીઓના મોત થયા. રાજ્યમાં અત્યારે ૭૮,૫૬૨ દર્દીઓનો ઉપચાર ચાલી રહ્યો છે.

કોરોનાના કારણે અત્યારે દેશના ૮ રાજ્યોમાં પૂર્ણ લોકડાઉન જેવા પ્રતિબંધો છે. આમાં પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ઓરિસ્સા, તમિલનાડુ, મિઝોરમ, ગોવા અને પોન્ડિચેરી સામેલ છે. અહીં ગત લોકડાઉન જેવા સખ્ત પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે. તો ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આંશિક લોકડાઉન છે.

રાજસ્થાનના ૩૩ જિલ્લામાંથી ૨૭ એવા જિલ્લા છે જ્યા કોરોનાનો એક પણ નવો કેસ સામે આવ્યો નથી અને ના તો છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાથી કોઈ મોત થયુ છે. બીજી તરફ રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા ૨૫૯ થઈ ગઈ છે. રાજ્યના સ્વાસ્થ્ય વિભાગ અનુસાર ગુરૂવારે અહી માત્ર ૧૭ નવા કેસ દર્જ થયા હતા. રાજસ્થાનમાં કોરોનાથી અત્યાર સુધી ૮૯૫૩ લોકોના મોત થયા છે.

### પૂર્વાનુમાન... ●

અનુસંધાન છેલ્લાનું ચાલુ

હવામાં ભેજનું પ્રમાણ ૬૦ થી ૮૩ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૨૦ થી ૨૬ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે કે વરસાદ પડવાની સંભાવના હોઈ વાવેતર કરેલ પાકોમાં દવાનો છંટકાવ અને નિંદામણ તથા આંતરખેડ કરવી નહિ.

### લ્યો બોલો... ●

અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચુંટણીની ગતિવિધિઓ કે રાજકીય કાર્યક્રમોમાં પણ ભીડ ભેગી થતી હોય છે. નેતાઓની રેલીમાં પણ માસ્ક અને સોસિયલ ડિસ્ટન્સીંગ વિના ટોળુ દેખાવાના દ્રશ્યો અનેકવાર આમ નાગરિકો માટે રોષનુ કારણ બન્યા છે. ત્યારે નવી ગાઈડ લાઈનમાં લગ્ન પ્રસંગને સામાજિક કાર્યક્રમમાંથી બાકાત રાખવાની સરકારની ગાઈડ લાઈનમાં બેવડી નીતિ છતી થઈ રહી હોવાનો આક્રોશ પણ નાગરિકો વ્યકત કરી રહ્યા છે. સામાજિક કે લગ્ન પ્રસંગ ઉપરાંત અંતિમ વિધિમાં સમાન છુટછાટ આપવી જોઈએ તેવો સુર પણ પ્રબળ બન્યો છે. લગ્ન પ્રસંગમાં જ કોવિડનુ સંક્રમણ ફુલ્યુ ફાલ્યુ હોય તેમ તેને કોરાણે રાખી નવી ગાઈડ લાઈન વાંચીને સામાન્ય નાગરિકો બેઘડી માથુ ખંજવાળવા મજબુર બન્યા છે.

### એલર્ટ... ●

અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠનો જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા દ્વારા સાંપ્રદાયિક તણાવ ફેલાવવા માટે મંદિરો પર હુમલો કરવાની યોજના અંગે ઈનપુટ્સ મળ્યા બાદ જમ્મુમાં હાઈ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. જાણવા મળ્યા મુજબ ડ્રોન દ્વારા આઈઈડી ફેંકવાની તાજેતરની ઘટનાઓથી જાણવા મળ્યું છે કે, પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠન જમ્મુમાં ધાર્મિક સ્થળઓ પાસે ભીડવાળી જગ્યાએ વિસ્ફોટકો લગાવવા પ્રયત્ન કરી શકે છે. સ્વતંત્રતા દિવસ પર જમ્મુ કાશ્મીરમાં ડ્રોનના જોખમનો સામનો કરવો સુરક્ષા એજન્સીઓ માટે મોટો પડકાર છે. તેનો સામનો કરવા માટે પોલીસે એન્ટી ડ્રોન રણનીતિ બનાવી છે. એડીજીપી મુકેશ સિંહે તાજેતરમાં જણાવ્યું હતું કે, તેનો સામનો કરવા માટે આકરા બંદોબસ્ત કરવામાં આવ્યા છે. કયા પ્રકારની તૈયારી કરવામાં આવી છે તેના વિશે હાલ જાણકારી નહીં આપી શકાય પરંતુ મહત્વપૂર્ણ અને સંવેદનશીલ સ્થળોએ એન્ટી ડ્રોન સિસ્ટમ તૈનાત કરવામાં આવી છે. પોલીસે અન્ય સુરક્ષા એજન્સીઓ સાથે મળીને તૈયારી કરી છે.